# પ્રસ્તાવના

મારે અહીં શું લખવું જોઈએ? આ પ્રશ્ન, પુસ્તક લખવાનું પૂર્ણ કર્યું ત્યારથી મારા મનમાં ઉદ્‌ભવી રહ્યો છે. સામાન્ય રીતે પુસ્તકની શરૂઆતમાં લેખક પોતાના પુસ્તકનાં વખાણ કરે અથવા તો લેખનથી લઈને પ્રકાશન સુધીના સંઘર્ષની ગાથા લખે કે કેટલી મહેનત લાગી છે પુસ્તકને વાચક સુધી પહોંચાડતાં. પણ મને સતત એક વિચાર આવે છે કે વાચકોને મારાં એ સંઘર્ષ સાથે શી નિસ્બત?

જ્યારે કોઈ વાચક પોતાના કીમતી સમય અને મહેનતના રૂપિયા ખર્ચીને આ પુસ્તક હાથમાં લે છે ત્યારે તેને લેખકની, પુસ્તક લખતાં વખતે રાતની ઊંઘ હરામ થઈ હતી કે નહીં, એ જાણવામાં જરાય રસ નથી હોતો. તેને તો માત્ર એક સારી અને રસપ્રદ વાર્તા સાથે મતલબ હોય છે. લેખકના મનમાં વિચાર ક્યારે સ્ફૂર્યો કે પુસ્તક પૂરું કરતાં કેટલાં વર્ષો વીત્યાં, એ બધું જ વાર્તાના રસપ્રદ હોવા આગળ ગૌણ છે.

મારો કહેવાનો અર્થ એ જરાય નથી કે આ વાર્તા મેં અદ્‌ભુત અને રસપ્રદ રીતે લખી છે એટલે મારે બીજું કશું લખવાની જરૂર નથી. અથવા મારા જેવું કોઈ લખી જ ન શકે. ના, આ પુસ્તક શ્રેષ્ઠ જ છે એવો દાવો કરવાની ધૃષ્ટતા હું નહીં કરું. સાચું કહું તો આ પુસ્તક મારાથી બસ લખાઈ ગયું છે. એ સારું છે કે ખરાબ એ નક્કી કરવાનાં હક અને સત્તા માત્ર તમારાં એટલે કે વાચકોનાં જ છે. મેં મારું કામ પૂરું કર્યું છે, હવે આ મારું સર્જન મેં તમારા હાથમાં સોંપ્યું, હવે એ તમારું છે.

કદાચ કોઈ મને કહેશે કે લેખકે પુસ્તકની શરૂઆતમાં જ આટલું બધું પ્રામાણિક ન હોવું જોઈએ. લેખકે તો પોતાની કૃતિનું માર્કેટિંગ કરવું જોઈએ, તેને સર્વોત્તમ ગણાવવી જોઈએ. પણ મને લાગે છે જ્યારે લેખકની કલમ કાગળ પર ચાલતી બંધ થઈ જાય ત્યારે તેની અસલી પરીક્ષા વાચકના હૃદયમાં શરૂ થાય છે.

હું જ્યારે આ વાર્તા સામે ફરી-ફરી બેસું છું, ત્યારે મારા મનમાં કોઈ વિચાર નથી આવતો. કોઈ એવી ઇચ્છા પણ નથી થતી કે હું વાચકોને

સમજાવું કે આ પુસ્તક કેમ વાંચવું જોઈએ. વાચક કોઈ મનાવવા કે સમજાવવા જેવી વ્યક્તિ નથી. વાચક પોતે જ એટલો સમજદાર છે કે બે-ચાર પાનાંમાં જ એ નક્કી કરી શકે છે કે આ વાર્તા પાછળ એણે સમય બગાડવો જોઈએ કે નહિ.

લેખન મારા માટે ક્યારેય સરળ રહ્યું નથી. મને સતત લાગ્યા કરતું હોય છે કે હું સારું નથી લખી શકતો. હું જ્યારે લખવા બેસું ત્યારે દરેક વાક્ય લખતી વખતે એક અવાજ અંદરથી આવે છે કે ‘આ બરોબર નથી લખાઈ રહ્યું’. કદાચ એ અવાજ જ મને ફરી-ફરી સુધારીને લખવા મજબૂર કરે છે.

આ પુસ્તકમાં કોઈ મહાન દાવા નથી, કોઈ વિશેષ ઉપદેશ નથી. માત્ર એક પ્રયત્ન છે એક એવી વાર્તા કહેવાનો, જે વાંચતી વખતે વાચક થોડી ક્ષણ માટે પોતાનાં સુખ-દુઃખ, તકલીફ, પોતાની દુનિયા ભૂલી જાય. જો આ શક્ય બને, તો એ જ મારા માટે સૌથી મોટો પુરસ્કાર હશે.

હું જાણું છું કે દરેક વાચક પોતાની અલગ નજર લઈને આવે છે. કોઈને અહીં શબ્દોની સુંદરતા દેખાશે, કોઈને ખામીઓ. અને એટલે જ કદાચ એ જ સાહિત્યની સૌથી રસપ્રદ બાબત કહી શકાય છે. એક જ વાર્તા દરેક મનમાં અલગ-અલગ રીતે જન્મે છે. હું આ વિવિધ અર્થોને રોકવા કે દિશા આપવા માંગતો નથી. વાર્તા હવે મારી નથી રહી. હવે એ વાચકોની છે.

શરૂઆતમાં હું બસ એટલું જ કહી શકું કે આ પાનાંઓમાં જે કંઈ છે, એ મારી સમજ, મારી ભૂલો અને મારાં સપનાંઓનો સમન્વય છે. જો આમાંથી કંઈક પણ તમારી અંદર સળવળે– એક સ્મિત, એક વિચાર, કે એક નાનકડો સવાલ તો સમજજો કે આ લેખનનું કારણ સફળ થયું. બાકીનું મૂલ્યાંકન હું પુસ્તક વાંચનારા તમામ વાચકોના હાથમાં જ છોડું છું.

**– હાર્દિક રાવલ**

# ઋણસ્વીકાર

કોઈ પણ પુસ્તક પર ભલે લેખકનું નામ હોય, પણ તેની સફળ સફર પાછળ અનેક સ્નેહીજનોનો નિસ્વાર્થ પુરુષાર્થ છુપાયેલો હોય છે. વિચારોને શબ્દોમાં ઢાળવાથી માંડીને તેને પુસ્તક સ્વરૂપે સાકાર કરવા સુધીની આ યાત્રામાં મારા આત્મીય મિત્રો નિમિત્ત બન્યા છે.

મિત્ર વનરાજ બોખિરીયા, એકતાબેન દોશી, તૃપ્તિબેન પટેલ અને ડૉ. રંજનબેન જોશીનો પણ આ પુસ્તક પાછળ અમુલ્ય ફાળો છે. નીલેશભાઈ મુરાણીએ મારા નાનામાં નાના પ્રશ્નોનો જવાબ આપી, આ પુસ્તક અનેક વખત વાંચી, મૂલ્યવાન સલાહો આપી છે. શરૂઆતથી અંત સુધી ડગલે ને પગલે સાથ આપી આ કૃતિને મઠારવામાં આપ સૌનો ફાળો અમૂલ્ય છે. આપ સૌના આ સ્નેહ અને સહકાર બદલ હું આપનો હૃદયપૂર્વક આભારી છું.